**ઈન્સ્યોરન્સ તથા નોટોરીયલ સ્ટેમ્પ્સનું પોસ્ટ ઓફિસો દ્વારા વેચાણ કરવા અંગે.**

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**

ગુજરાત રાજય, 'વીમા અને લેખા ભવન',

બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.

**પરિપત્ર નંબર :- હિતિનિ/ટીસી/ફા.૧૧૧/પો.ઓ.સ્ટેમ્પ્સ લાયસન્સ/૪૦૦૨(૭૯)/૫૫૫૩**

તારીખ :૯ – ૯ – ૨૦૦૮.

**પરિપત્ર નં. ૧૯/૨૦૦૮**

ઈન્સ્યોરન્સ તથા નોટરીયલ સ્ટેમ્પ્સનું પોસ્ટ ઓફિસો દ્વારા વેચાણ કરવા સંદર્ભે મહેસુલ વિભાગ, ગાંધીનગરની યાદી ક્રમાંકઃ એસટીપી/૧૦૨૦૦૮/૨૫૭૭/હ–૧/ તા.૨૨/૮/૦૮ (ની નકલ) આ સાથે સામેલ રાખતાં જણાવવાનું કે, યાદીની વિગતો ધ્યાને લઈ રાજયની અધિકૃત કરવામાં આવેલ પોસ્ટ ઓફિસોને પોસ્ટ માસ્ટર/ સબ પોસ્ટ માસ્ટરને ઈન્સ્યોરન્સ તથા નોટરીયલ સ્ટેમ્પ્સનું વેચાણ કરવા માટે સરકારી વિક્રેતા તરીકે જાહેર કરેલ હોય, જિલ્લા તિજોરી કચેરી/ પેટા તિજોરી કચેરીમાંથી ઉકત સ્ટેમ્પ ઈસ્યુ કરવા આથી સૂચના આપવામાં આવે છે.

આ કચેરીના તા.૨/૨/૦૭ ના પરિપત્ર ક્રમાંકઃ૩/૨૦૦૭ની અન્ય શરતો યથાવત રહેશે. આપના તાબા હેઠળના સંબંધકર્તાને તેમજ પેટા તિજોરી કચેરીઓને નિયમાનુસાર સ્ટેમ્પ્સ પૂરા પાડવા ઘટિત સૂચના આપવા અને આ પરિપત્રની નકલ પણ પેટા તિજોરી કચેરીને આપવા આથી જણાવવામાં આવે છે.

**બિડાણઃ ઉપર મુજબ** **નિયામક**

પ્રતિ,

૧. શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, .......................(તમામ)

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

૧. ઉપસચિવશ્રી, 'ઝ' શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારું.

૨. ઉપ સચિવશ્રી, 'હ–૧' શાખા મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારું.

૩. ચીફ પોસ્ટ માસ્ટર જનરલશ્રી, ગુજરાત સર્કલ સલાપસ રોડ, અમદાવાદ તરફ જાણ તેમજ સંબંધિત પોસ્ટ ઓફિસોને જાણ થવા સારું.

૪. સુપ્રિ. ઓફ સ્ટેમ્પ, સ્ટેમ્પ અને નોંધણી ભવન, સેકટર–નં.૧૩/સી, 'ખ' રોડ, ગાંધીનગર તરફ જાણ સારું.

<u>નકલ રવાનાઃ–</u>

૧. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર તરફ જાણ સારું.

ક્રઃએસટીપી–૧૦૨૦૦૮–૨૫૭૭–હ.૧
મહેસૂલ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ

28 AUG 2008
ઈનવર્ડ નં.........
ગાંધીનગર.

**વિષયઃ ઈન્સ્યોરન્સ તથા નોટરીયલ સ્ટેમ્પ્સનું પોષ્ટ ઓફિસો ધ્વારા વેચાણ કરવા અંગે.**
**વંચાણે લીધાઃ– સુપ્રિ.ઓફ સ્ટે.ના તા.૧૯–૧–૦૭ ના પત્ર ક્રઃસ્ટેમ્પ–કયદ–૫૭૩–૦૫–૫૯**

**યા દીઃ–**

સંદર્ભ હેઠળના સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સના પત્રથી ઈન્સ્યોરન્સ તથા નોટરીયલ સ્ટેમ્પ્સનું વેચાણ રાજયમાં આવેલી પોષ્ટ ઓફિસો ધ્વારા કરવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ દરખાસ્તને વિચારણામાં લઈ પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સ્ટેમ્પ્સ સપ્લાય એન્ડ સેલ્સ રૂલ્સ ૧૯૮૭ ના નિયમ–૫(૧) ની જોગવાઈને ધ્યાને લઈ રાજયમાં આવેલી પોષ્ટ ઓફિસોને પોષ્ટ માસ્ટર / સબ પોષ્ટ માસ્ટરને ઈન્સ્યોરન્સ તથા નોટરીયલ સ્ટેમ્પ્સનું વેચાણ કરવા માટે સરકારી વિક્રેતા તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

નોન પોષ્ટલ સ્ટેમ્પ્સના વેચાણ માટે તેઓને નિયત દરે કમીશન ચૂકવવાનું રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(શ્રીમતી કા.અ.શાહ)**
સેકશન અધિકારી
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર

પ્રતિ,
– સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ, ગુજરાત રાજય, ગાંધીનગર
– નાં.સ.નિ.શ્રી, ગંજરાત રાજય,ગાંધીનગર
– પોષ્ટ માસ્ટર, જનરલશ્રી, સલાપસ રોડ,અમદાવાદ
– એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
– પગાર અને હીસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
– નિયામકશ્રી, હિસાબ અને તીજોરી, ગાધીનગર
– સીલેકટ ફાઈલ.